# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨ સુધારેલ જાહેરનામું"**

**"Teacher Eligibility Test-I (TET-I)-2022 Amendment Notification"**

**જાહેરનામા ક્રમાંક:રાપબો /TET-I/૨૦૨૨/** 10155 - 10241 તા: ૦૧/૧૧/૨૦૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨ થી "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સદરહું જાહેરનામામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

જાહેરનામામાં જે જગ્યાએ તાલીમી લાયકાત દર્શાવેલ છે તે તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાહેરાતના અનુસંધાને TET-I માટે ફોર્મ ભરી શકશે. આવા વિદ્યાર્થીઓની આ પરીક્ષાની અરજી તેઓના છેલ્લા વર્ષના પરીક્ષાના પરીણામને આધિન રહેશે. ભવિષ્યમાં યોજાનાર શિક્ષક ભરતી પ્રક્રિયામાં આ પ્રકારની તકથી TET-I પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ શિક્ષક તાલીમ લાયકાત (બે વર્ષ પી.ટી.સી/D.EL.ED, ચાર વર્ષીય એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.EL.Ed.) અને બે વર્ષનો ડિપ્લોમાં ઈન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)) પાસ થયાની માર્કશીટ રજૂ કરવાની રહેશે. સદરહું પરીણામ અને ભરતી બાબતે ભરતી સમિતિ જે નિર્ણય લેશે તે આખરી અને માન્ય ગણાશે.

તાલીમી લાયકાતના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તા.૦૩/૧૧/૨૦૨૨ થી તા.૦૫/૧૨/૨૦૨૨ સુધી ઓનલાઈન TET-I ના ફોર્મ ભરી શકશે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:રાપબો/TET-I /૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨ની અન્ય બાબતો/જોગવાઇઓ યથાવત રહેશે.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૦૧/૧૧/૨૦૨૨

અધ્યક્ષ

રાજય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.